# મોડાસાના રાણાસૈયદ વિસ્તારમાં ૩૬ કલાકથી વીજળી ગુલ : મહિલાઓનો હલ્લાબોલ

## મોડાસા-હજીરા માર્ગ પર ચક્કાજામ : મહિલાઓનું વિકરાળ રૂપ જોઈ કચેરીનો સ્ટાફ ઓફીસ છોડી ભાગ્યો

મોડાસા, તા. ૧૪

એક તરફ સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં ‘ઉજાલા’નો ઉજાસ પહોંચાડી વાહવાહ લૂંટી રહી છે ત્યારે મોડાસા તેમજ મોડાસાના



રાણાસૈયદ વિસ્તારમાં આ ઉજાસ જાણે અંધકારમાં ફેરવાઈ ગયો હોય તેમ નગરજનોને લાગી રહ્યું છે. અરવલ્લી જિલ્લામાં સોમવાર મોડીરાત્રીથી શરૂ થયેલા વરસાદના ચાર છાંટા પડતા શહેર તેમજ રાણાસૈયદ વિસ્તાર અંધકારમાં ડુબી જતા પ્રજાજનોમાં મોડાસા વિજ કચેરીના અણધડ વહિવટ સામે ભારે રોષની લાગણી જોવા મળી રહી છે. રાણાસૈયાદ વિસ્તારમાં ૩૬ કલાક બાદ પણ વીજળી ગુલ રહેતા આ વિસ્તારની મહિલાઓ રોષે ભરાતા બુધવારે રાત્રીના સમયે યુજીવીસીએલ કચેરી મોડાસા પહોંચી હલ્લાબોલ કરતાં હંગામો મચાવતા વિજકચેરીના કર્મચારીઓ કચેરી છોડી ઉભી પુંછડીયે ભાગ્યા હતા. મહિલાઓ મોડાસા-શામળાજી-હિંમતનગર રાજ્ય ધોરીમાર્ગ પર બેસી જઈ વિરોધ કરતા વાહનચાલકો ફસાતા ચક્કાજામના દશ્યો સર્જાયા હતા. મલાઓનો રોષ પારખી મોડાસા પોલીસતંત્ર અને વીજ કચેરી અધિકારીઓ તાબડતોબ યુજીવીસીએલ કચેરી ધસી જઈ વાર્તાલાપ કરી મહિલાઓને સમજાઈ માર્ગ પૂર્વરત કરાયો હતો. મોડાસા શહેરમાં પણ વિજતંત્રની બેદરકારીથી નગરજનો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. વરસાદના ચાર છાંટા પડતાની સાથએ વીજળી ડૂલ થઈ જતી હોવાથી નગરજનોમાં પણ વીજ કચેરીના વહીવટ સામે ભારે રોષ ભભુકી ઉઠવા પામ્યો હતો. સ્થઆનિકોના મતે વિજ કચેરીની કામગીરી નિષ્ક્રિય હોવાના લીધે રોજ રોજ ફોલ્ટ થવાના બનાવો બની રહ્યા છે.

મોડાસાના રાણાસૈયદ વિસ્તારમાં ૩૬ કલાકથી વીજળઈ ગુલ રહેતા યુજીવીસીએલના પ્રિમોન્સુન પ્લાનના ધજાગરા ઉડી ગયા હતા. રાણાસૈયદ વિસ્તારના લોકોએ યુજીવીસીએલ કચેરીમાં વારંવાર રજુઆત કરવા છતાં અધિકારીઓ અને કર્મચારીઓએ વારંવાર ઉઠા ભણાવ્યા હતા. બુધવારે રાત્રીના સમય સુધી લાઈટ ન આવતા આ વિસ્તારના પુરૂષો અને મહિલાઓ સહિત ૫૦ થી વધુ લોકોના ટોળા વિજકચેરીએ ધસી આવ્યા હતા. લોકોનો રોષ પારખી ફરજ પર હાજર કર્મચારીઓ રાત્રીના સમયે રોષનો ભોગ બનવુ ન પડે તે માટે ઓફીસ છોડીને ભઆગી ગયા હતા. રોષે ભરાયેલી મહિલાઓ યુજીવીસીએલ કચેરી આગળથી પસાર થતા મોડાસા-શામળાજી-હિંમતનગર રાજ્ય ધોરીમાર્ગ પર આવતા વાહનો અટકાવી રોડ પર બેસી જતા વીજતંત્ર સામે આક્રોશ ઠઆલવી હલ્લાબોલ કરતા નાના-મોટા વાહનચાલકો સહિત ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા પણ ખોરવાઈ ગઈ હતી. મહિલાઓ દ્વારા હલ્લાબોલ થતા અને રોડ પરથી પસાર થતા વાહનોને અવરોધી અટકાવી દીધાની જાણ મોડાસા ટાઉન પોલીસને થતા તાબડતોડ ઘટનાસ્થળએ પહોંચી યુજીવીસીએલના અધિકારીઓને બોલાવી રાણાસૈયદ વિસ્તારની મહિલાઓ અને પુરૂષોને સાથે વાર્તાલાપ કરાવતા યુજીવીસીએલના કર્મચારીઓ દ્વારા જલ્દીથી વીજળીની સમસ્યાનો હલ કરવાની બાંહેધરી આપતા આખેઆખો હાઈવોલ્ટેજ ડ્રામા સમેટાતા



પોલીસતંત્ર સહિત વિજતંત્રના કર્મચારીઓ અધિકારીઓ અને વાહનચાલકોએ રાહતનો શ્વાસ લીધો હતો.



## બાયડમાં દબાણો દૂર કરાયા

બાયડ શહેરમાં દિન પ્રતિદિન ટ્રાફિક સમસ્યા નાગરિકો માટે ભારે માથાના દુઃખાવા સમાન બની છે. વકરતી ભારે ટ્રાફિકને લઈ નગરપાલિકાતંત્ર આજે એક્ટીવ મોડમાં આવી ગઈ હતી અને દબાણ ઝુંબેશ હાથ ધરી શહેરના દબાણો પર બુલડોઝર ફેરવી દીધુ હતુ. બાયડ શહેરમાં મુખ્ય બજાર, જુના બસસ્ટેન્ડ, ચોઈલા માર્ગ, બાયડ-ધનસુરા માર્ગ તમામ વિસ્તારમાં માર્ગની આસપાસ મોટા પાયે દબાણકારોએ વર્ષોથી મહાકાય દબાણો ઉભા કરી દીધા છે. જેને લીધે વાહનચાલકો અને રાહદારીઓ માર્ગ પર નીકળવુ મુશ્કેલ બન્યુ છે. આ સમસ્યાને લઈ સ્થાનિક નાગરિકોએ વારંવાર લેખિત રજૂઆત છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. ત્યારે આજે તંત્રના અધિકારીઓએ કાર્યવાહી કરી તમામ દબાણો પર બુલડોઝર ફેરવી દીધુ હતુ. આથી ટ્રાફિકની સમસ્યા મહદઅંશે હળવી બની હતી અને નાગરિકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે.

# ધાનેરામાં સામાન્ય વરસાદથી અંધારપટ છવાયો

## એક તરફ ગરમી તો બીજી તરફ વીજળી ડૂલ, લોકો મુશ્કેલીમાં : વિદ્યુત બોર્ડની ગંભીર બેદરકારી

ધાનેરા, તા. ૧૪

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા શહેરમાં સામાન્ય વરસાદથી અંધારપટ છવાઈ જતા લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો તો બીજી તરફ વીજ લાઈનના થાંભલા વૃક્ષોમાં દટાઈ જતા સર્જાય છે શોર્ટશર્કિટ ધાનેરા વિદ્યુત બોર્ડની ગંભીર બેદરકારીના કારણે ધાનેરાના લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

તસ્વીરમાં આપ જોઈ શકો છે કે વીજલાઈન તેમજ થાંભલા અને ડીપી વૃક્ષોમાં દટાયેલી જોવા મળી રહી છે આ દશ્યો વિધુત બોર્ડની પોલ ખોલી રહ્યા છે અને વિધુત બોર્ડની આ બેદરકારીના કારણે અત્યારે ધાનેરાના લોકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે સામાન્ય રીતે ચોમાસા અગાઉ વિધુત બોર્ડ દ્વારા તમામ લાઈન ક્લીન કરવાની જવાબદારી હોય છે પણ જાણે ધાનેરામાં તો કોઈ નિયમ જ ન લાગુ પડતો હોય તેમ દેખાઈ રહ્યું છે ધાનેરામાં સામાન્ય વરસાદના છાંટા પડે કે તરત જ વીજળી ડૂલ થઈ જવા પામે છે અને આખા ધાનેરા શહેરમાં અંધારપટ છવાઈ જાય છે હવે જો છેલ્લા દસ દિવસની વાત કરવામાં આવે તો દસ દિવસ રાત્રીના સમયે ત્રણ વખત વરસાદના છાંટા આવ્યા અને વરસાદ શરૂ થતાંજ વીજળી ડૂલ થઈ જવા પામે છે ત્યારે લોકોને ભારે ગરમીનો સામનો કરવો પડે છે વરસાદ તો પાંચ સાત મિનિટમાં બંધ થઈ જાય છે પણ કલાકો સુધી વીજળી આવતી નથી ત્યારે ધાનેરાના લોકો કહી રહ્યા છે.

આ બાબતે ધાનેરા વિધુત બોર્ડના અધિકારીને પૂછતાં તેમને કેમેરા સામે કઈ પણ કહેવાનો ઈન્કાર કરી કેમેરાથી દૂર ભાગવા લાગ્યા હતા હવે જોવાનું એ રહે છે કે આ બાબતે કોઈ કાર્યવાહી થાય છે પછી લોકોને આમજ મુશ્કેલીનો સામનો કરવો પડશે તે તો આવનારો સમય જ બતાવશે.



# પ્રાંતિજમાં અમૃતમ અને મા વાત્સલ્ય યોજના માટે આવકના દાખલાની જરૂર નથી

પ્રાંતિજ, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના




પ્રાંતિજ ખાતે હવે પ્રાંતિજ વાસીઓને આવકનાં દાખલા માટે બે જગ્યાએ ધક્કા નહિ ખાવા પડે માત્ર પ્રાંતિજ મામલતદાર કચેરીમાં પ્રાંતિજ તલાટીની સહિથી જનસેવામાંથી મળી રહેશે અને નગરપાલિકાના ધક્કા અને ખર્ચ માંથી રાહત થશે.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ ખાતે મુખ્યમંત્રી અમૃતમ્ યોજના અને મુખ્યમંત્રી અમૃતમ્ વાત્સલ્ય યોજના જેવી સરકારી યોજનાનો લાભ લેવા આવકના દાખલા માટે પ્રાંતિજની ગરીબ જનતાને બે-બે જગ્યાએ જવું પડતું હતું. અને સમય અને ખર્ચ બન્ને વેડફાતા હતાં જયારે આ અંગેની ફરીયાદ પ્રાંતિજ મામલતદાર એ.એ. ડોડીયાના ધ્યાને આવતાં તેવોએ ધ્યાનને લેતાં તાત્કાલિક સુચના આપી નગરપાલિકામાંથી આવકના દાખલો નહી મંગાવવાનું પ્રાંતિજ તલાટીને સુચન કર્યું હતું અને આજથી તલાટી દ્વારા તેની અમલવારી પણ કરવામાં આવી હતી. જયારે પ્રાંતિજના ગરીબ લોકોને બન્ને કચેરીઓનાં ધકકામાંથી અને તેની પાછળ ફોર્મ, ટીકીટ સહિતના ખર્ચની સાથે સમયમાં પણ રાહત થશે. અને માત્ર એકજ કચેરીમાંથી સહેલાઈથી આવકનો દાખલો મળી રહેશે જેથી પ્રાંતિજની ગરીબ જનતાએ મામલતદારના આ નિર્ણય ને વધાવ્યો છે.

# મોડાસામાં ગૌરીવ્રતના પૂર્વે સૂકામેવાના ભાવમાં ૧૫ થી ૨૦ ટકાનો વધારો



મોડાસા, તા. ૧૪

ગૌરીવ્રતના પ્રારંભને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે સુકામેવાના ભાવમાં ૧૫ થી ૨૦ ટકા સુધીનો વધારો થયો છે. મોંઘવારીથી પીસાતી પ્રજાને ચાલુ વર્ષે પોતાની કન્યાઓના ગૌરીવ્રતની ઉજવણીમાં પણ મોંઘવારી નડશે. જો કે ગઈ વર્ષની સરખામણીમાં સુકામેવાના ભાવમાં ૧૫ થી ૨૦ ટકા સુધીનો વધારો થતાં ઘરાકી પર પણ અસર થશે તેવી ચિંતા વેપારીઓને પણ ચિંતા સતાવી રહી છે. સામાન્ય રીતે ગૌરીવ્રતના પ્રારંભ સાથે જ તહેવારોની શરૂઆત થતી હોય દર વર્ષે સુકામેવાના ભાવોમાં વધારો જોવા મળે છે. હાલ સામાન્ય અને મધ્યમ વર્ગ પહેલેથી જ મોંઘવારીના મારમાં પીસાય છે. ત્યારે સૂકામેવાના ભાવમાં પણ વધારો થતાં ગૌરીવ્રતમાં સૂકામેવાની ખરીદીને લઈને વાલીઓમાં મુંઝવણ ઉભી થઈ છે. ગૌરીવ્રત દરમ્યાન ડ્રાયફ્રુટની ભારે માંગ હોવાથી ગૌરીવ્રતના ટાણે જ ખાસ કરીને ડ્રાયફ્રુટમાં ભાવ વધારો ઉંચકાય છે. જો કે આ વર્ષે રમઝાન સમયથી જ ડ્રાયફ્રુટના ભાવોમાં વધારો જોવા મળી રહ્યો છે. હાલ બજારમાં ડ્રાયફ્રુટના ભાવમાં ૧૫ થી ૨૦ ટકા સુધીનો વધારો થતાં આગામી ગૌરીવ્રતમાં સામાન્ય અને મધ્યમવર્ગના પરીવારના બજેટને છિન્નભિન્ન કરી શકે છે.

# બનાસડેરી દ્વારા દૂધ ઉત્પાદકોને ચૂકવતા ભાવમાં રૂ. ૨૫નો વધારો

પાલનપુર, તા. ૧૪

બનાસડેરીના ચેમરેન અને નિયામક મંડળના સભ્યો દ્વારા પશુપાલકોના હિતને લક્ષમાં રાખી સાહસિક નિર્ણય કરવામાં આવ્યો છે. હાલમાં વિશ્વ કક્ષાએ દૂધના ધંધામાં મંદી હોવાને કારણે પાવડર અને વ્હાઈટ બટરના ભાવ ન મળતા હોવાથી તેનો ભરાવો થયેલ હોવા છતાં પણ દૂધ ઉત્પાદકોની ચિંતા કરી દૂધના ધંધાને પોષણક્ષમ બનાવવા માટે દૂધના ભાવમાં પ્રતિ કિલો ફેટે રૂ. ૨૫નો પુનઃ વધારો કરવામાં આવ્યો છે. તા. ૧૬-૭-૨૦૧૬થી દૂધ ઉત્પાદકોને દૂધનો ભાવ પ્રતિ કિલો ફેટે રૂ. ૬૦૦ ચૂકવવામાં આવશે. આમ છેલ્લા બે મહિનાના ટુંકાગાળામાં જ રૂ. ૫૫૦ થી રૂ. ૬૦૦ પ્રતિ કિલો ફેટે ભાવ વધારો કરવામાં આવેલ છે.

વર્તમાન સમયમાં મોંઘવારીએ માજા મુકી છે ત્યારે દૂધનો એક માત્ર ધંધો એવો છે કે જે દૂધ ઉત્પાદકોને વિકટ પરિસ્થિતિમાં પણ પોષણક્ષમ ભાવ આપી આજીવિકા પુરી પાડે છે. ચેરમેન અને નિયામક મંડળ દ્વારા દૂધના ભાવમાં સમયાંતરે વધારો કરવાથી બૃહદ બનાસકાંઠાના પશુપાલકોમાં આનંદ ખુશીનો માહોલ પેદા થયો છે.

# પાલનપુરમાં મારુતિવાનમાં આગ : બેનો ચમત્કારિક બચાવ

## શોક સર્કિટથી આગ : ફાયર ફાયટર આગ બાદ પહોંચ્યું

પાલનપુર શહેર ના સરકારી વસાહત મારુતિ વાન માં આગ લાગી જતા અફરાતફરી મચી ગઈ હતી પાલનપુર શહેર માં આવતી મારુતિ વાન ને શોર્ટ સર્કિટ ને ના લોકો એ મારુતિ વાન માં લાગેલી આગ બુઝાવવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ આગ કાબુ માં આવે તે પહેલા મારુતિ વાન બળી ને ખાખ થઈ ગઈ હતી બાદ માં



કારણે અચાનક આગ લાગી ગઈ હતી જો કે મારુતિ વાન માં બેઠેલા બે વ્યક્તિઓ સમય સુચકતા જોઈ બહાર નીકળી જતા તેમનો આબાદ બચાવ થયો હતો પાલનપુર શહેર ના મુખ્ય માર્ગો પર મારુતિ વાન માં લાગેલી આગ થોડિક વાર માં જ રુદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું જો કે આસપાસ પાલિકા નો ફાયર ફાયટર પણ ઘટના સ્થળે પહોંચ્યો હતો શહેર ના મુખ્ય માર્ગો પર મારુતિ વાન માં લાગેલી આગ નો નજારો જોવા માટે આસપાસ ના લોકો મોટી સંખ્યા માં એકત્રિત થઈ ગયા હતા જો કે સદનસીબે પાલનપુર માં મારુતિ વાન માં લાગેલી આગ ની આ ઘટના થી કોઈ મોટી જાન હાનિ ટળી હતી.





આ કિસ્સો અંબાજી નજીકના હડાદ પોલીસ સ્ટેશનની હદના રાણીઉમરી ગામનો જ્યાં માત્ર ને માત્ર આદિવાસી લોકો જ વસવાટ કરે છે. ગરીબ પરિસ્થિતિમાં જીવતા આ આદિવાસી લોકોની કન્યાઓ મોટી થઈને ક્યાં જશે, કયા સમાજમાં જશે અને કેટલામાં જશે તે પણ નક્કી નથી પણ હાલમાં જે કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. તે અમદાવાદના એક પટેલ પરીવારનો છે. કેટલાક દલાલો દ્વારા આ પટેલ પરીવારનો સંપર્ક કરી આદિવાસી કન્યા પધરાવવાનો કારસો રચાયોને રૂપિયા ૧.૫૦ લાખમાં કન્યા લગ્ન કરી લઈ જવાની વાત થઈ અને રાણીઉમરીની એક કન્યાને લઈ જવાઈ અને એક મંદિરના આગળ ફુલહાર કરી આદિવાસી કન્યા અને પટેલ પરીવારનો યુવક લગ્નગ્રંથીથી બંધાયા. બન્યું એવું કન્યા માત્ર ૨૫ દિવસ જ પટેલ પરીવારમાં રહી અને પછી બહાના બતાવી પરણીત યુવતી પરત પોતાના ગામ રાણીઉમરી આવી ગઈ. જ્યાં તેના પરીવારજનોએ બીજા પટેલ યુવક સાથે અંદાજે રૂપિયા ૨ લાખ જેટલાં લઈ તેને બીજા લગ્ન કરી રવાના કરી દેવાઈ. જેની જાણ અમદાવાદના પહેલા પટેલ પરીવારને થતાં પટેલ પરીવારના પરણીત યુવકે હડાદ પોલીસમાં ફરીયાદ આપી હતી.

# પ્રાંતિજના જેસગપુરામાં મમતા દિવસની ઉજવણી કરવામાં આવી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ જેસગપુરામાં મમતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ૯ બાળકોને રસીકરણ તથા ૨ સર્ગભાઓને રસીકરણ બાદ જેસગપુરા આંગણવાડી કાર્યકર હિનાબેન રાવલ, તેડાઘર બહેન રાઠોડ ઈન્દુબેન દ્વારા બાળકોનું વજન ઉંચાઈ કરી બાળકોને રાબ, સુખડી, પુલાવનું વિતરણ કરવામાં આવ્યું હતું અને કુપોષિત બાળકોને લાડુનું વિતરણ કરવામાં આવ્યું હતું.